# ઊંઝા મામલતદાર કચેરીમાં વ્યાપક ભ્રષ્ટાચારની ફરિયાદો

ઊંઝા, તા. ૨૭

ઊંઝા ખાતે આવેલ તાલુકા મામલતદાર કચેરીમાં છેલ્લા ઘણા વખતથી ભ્રષ્ટાચારના મહારાક્ષસે માથું ઉંચકયું હોવાની વ્યાપક લોક ફરિયાદો ઉઠવા પામી છે.

લોકોમાં ચર્ચાતી વાતો મુજબ ઊંઝા મામલતદાર કચેરીની મહેસૂલ, પુરવઠાશાખા, મધ્યાનભોજન, ઈ-ધરા શાખા તથા સબરજીસ્ટ્રાર ઓફિસને લગતા કામકાજમાં અરજદારો પાસેથી કેટલાક અધિકારીઓ અને કર્મચારીઓ વ્યાપકપણે કટકી કરી રહ્યા હોવાનું સરેઆમ ચર્ચાય છે. મામલતદાર કચેરીની વિવિધ શાખાઓ તેમજ સબજીસ્ટ્રાર ઓફિસમાં રોજીંદા કેટલાય અરજદારો જુદા જુદા કામો અંગે કચેરીમાં આવતા હોય છે આવા અરજદારો યા નાગરિકોને ખોટી રીતે ધક્કા ખવડાવી કામમાં વિલંબ થાય તેવી કુટનીતિ અપનાવાય છે.

કહે છે કે આ કચેરીમાં છેલ્લા ઘણા વખતથી ભ્રષ્ટાચારે માઝા મૂકી દીધી છે. કચેરીમાં ભ્રષ્ટાચારના કિસ્સાના કેટલાયો લોકો ભોગ બન્યા છે પરંતુ કોણ જાણે કેમ તેઓની મજબૂરી અણઆવડત તેમજ પુરાવાના અભાવે ફરિયાદો થઈ શકતી નથી પરિણામે ભ્રષ્ટાચારી તત્વોને ફાવટ આવી ગઈ છે.

આ કચેરીમાં મોટા ભાગે ગરીબ વર્ગ, ખેડૂત વર્ગ અને જરૂરીયાત વાળા માણસો કામકાજ અર્થે આવે છે તે પૈકી જેઓને કુદરતે થપાટ મારી છે તેવા માણસોને પણ આ કચેરીના બાબુઓ થપાટ મારવાનું ચૂકતા નથી. આ કચેરીની ઈ-ધરા શાખામાં કથિત ભ્રષ્ટ અધિકારીઓની રહેમનજર તળે કેટલાક ખાનગી વ્યકિતઓએ અડીંગા જમાવ્યા છે. જેઓ અધિકારીઓ સાથે ભ્રષ્ટાચાર રૂપી સંબંધો રાખીને એકબીજાના મેળાપીપણાથી ભ્રષ્ટાચાર આચરતા હોવાના આક્ષેપો પ્રજામાં થઈ રહ્યા છે.

આમાં ખરેખર સત્ય શું છે? તેની ઉચ્ચ કક્ષાએથી ઝીણવટભરી તપાસ થવી જરુરી મનાય છે.

આ કચેરીમાં થોડા સમય પૂર્વે નવા મામલતદારે ચાર્જ સંભાળ્યો છે. જેઓ લોકોમાં સારી છાપ ધરાવે છે. પરંતુ આ કચેરીમાંના જ કેટલાક ભ્રષ્ટ અધિકારીઓ અને કર્મચારીઓના કારણે કચેરીનો વહીવટ વગોવાય છે તેવું આમ પ્રજામાં ચર્ચાય છે.

## હિંમતનગરમાં કાર્યકર સંમેલનમાં ગુજરાત સરકાર પર આકરા પ્રહાર

# ગુજરાત સરકારે સાબરકાંઠા જિલ્લાને અન્યાય કર્યો છે : શંકરસિંહ વાઘેલા



(તસવીર : મગનજી વણઝારા, હિંમતનગર)

## સદ્‌ભાવના મિશનમાં રૂ. ૨૩૮૦ કરોડની જાહેરાત કરી, એક પાઈ આપી નથી

હિંમતનગર, તા. ૨૭

ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ હિંમતનગર ખાતે સદ્‌ભાવના મિશન દરમ્યાન સાબરકાંઠા જિલ્લાના વિકાસ માટે રૂ. ૨૩૮૦ કરોડ ફાળવવાની જાહેરાત કરી હતી પરંતુ એક પાઈ પણ આપી નથી તેવો આક્ષેપ હિંમતનગરમાં યોજાયેલ કાર્યકર સંમેલનમાં શંકરસિંહ વાઘેલાએ કર્યો હતો. તેઓએ લોકસભા મત વિસ્તારના પ્રાંતિજ અને હિંમતનગર ખાતે કોંગ્રેસ કાર્યકરોને સંબોધી ચૂંટણી પ્રચારના શ્રી ગણેશ કર્યા હતા.

સાબરકાંઠા લોકસભા બેઠકના ઉમેદવાર શંકરસિંહ વાઘેલાએ હિંમતનગર અને પ્રાંતિજમાં કાર્યકરોના સંમેલનને સંબોધતા જણાવ્યું હતું કે, ગુજરાત સરકારે આ જિલ્લાને અન્યાય કર્યો છે. ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ હિંમતનગર ખાતે સદ્‌ભાવના મિશનમાં જિલ્લાને રૂ. ૨૩૮૦ કરોડ ફાળવવાની જાહેરાત કરી હતી. પરંતુ એક પાઈ પણ જિલ્લાને આપી નથી. વધુમાં તેમણે જણાવ્યું હતું કે, ભાજપ સરકાર ખેડૂતોને ૨૪ કલાક વીજળી આપવાની વાત કરે છે. પરંતુ ૧૨ કલાક પણ વીજળી મળતી નથી. ગુજરાતમાં ૬ લાખથી પણ વધારે ખેડૂતો વીજળી મેળવવા વેઈટીંગમાં છે. નરેન્દ્ર મોદી ઉપર સીધા પ્રહાર કરતાં શંકરસિંહ બાપુએ જણાવ્યું હતું કે, તેઓ પ્રજાના પૈસે વટ મારી રહ્યા છે. કોંગ્રેસ માટે ગુજરાતમાં ઉદ્યોગ મહત્વના છે. જ્યારે નરેન્દ્ર મોદી માટે ઉદ્યોગપતિઓ ભાજપમાં ચાલતા આંતરિક ડખા નરેન્દ્ર મોદીને ડુબાડશે. ભાજપના વયોવૃદ્ધ નેતા એલ.કે. અડવાણી, મુરલી મનોહર જોશી અને યશવંતસિંહા જેવા પીઢ આગેવાનોને સાઈડમાં ધકેલવાનું કામ ભાજપને ભારે પડશે તેવા પ્રહારો શંકરસિંહે ભાજપ પર કર્યા હતા. કાર્યકર સંમેલનમાં ધારાસભ્યો મહેન્દ્રસિંહ બારૈયા, મહેન્દ્રસિંહ વાઘેલા, ડૉ. અનિલ જોષીયારા, મણીભાઈ વાઘેલા, જિલ્લા કોંગ્રેસના પ્રમુખ ડાહ્યાભાઈ પટેલ, લઘુમતી સેલના પ્રમુખ ખાદીમ લાલપુરી, જિ.પં. સદસ્ય કાંતીભાઈ પરમાર, જિલ્લા યુવક કોંગ્રેસ પ્રમુખ વનરાજસિંહ રાઠોડ, યુસુફ બચ્ચા, સહિત અગ્રણીઓ ઉપસ્થિત રહી પ્રાસંગિક પ્રવચનો કર્યા હતા. આ પ્રસંગે સમાજવાદી પક્ષના જાનુદીન સૈયદ, સલીમ કણીયા, રફીકભાઈ મેમણ સહિત કાર્યકરો કોંગ્રેસમાં જોડાયા હતા.

# મોડાસા પી.ટી.સી. કોલેજમાં બારમો દિક્ષાંત સમારોહ યોજાયો

મોડાસા, તા. ૨૭

મોડાસા શહેર ઉપરાંત સમગ્ર સાબરકાંઠા જિલ્લામાં પ્રશસ્તિ પામેલ સંસ્થા મુરીબેન ખેમચંદદાસ શાહ (લાટીવાળા) અધ્યાપન મહાવિદ્યાલય (પીટીસી/ડી.એલ.એડ. કોલેજ) મોડાસાનો બારમો દીક્ષાન્ત સમારોહ યોજાયો હતો

દીક્ષાન્ત સમારોહમાં અધ્યક્ષ તરીકે મ.લા. ગાંધી ઉ.કે. મંડળના પ્રમુખ ડૉ. અરૂણભાઈ એન. શાહ, ઉદ્‌ઘાટક તરીકે જેસીસ મિલ્ક કમિટીના ચેરમેન નવનીતભાઈ એન. પરીખ, મુખ્ય મહેમાન તરીકે ડાયેટ ઈડરના પ્રાચાર્ય શૈલેષભાઈ બી. બાવા સાહેબ, અતિથિ વિશેષ તરીકે સરસ્વતી બાલમંદિર મંડળ મોડાસાના પ્રમુખ નિલેશભાઈ જોશી તથા શ્રીનાથ કેડીટ કો.ઓ. સો.લી.ના ચેરમેન તથા પી.ટી.સી. કોલેજના પ્રભારી મંત્રી પ્રો. અરવિંદભાઈ જે. મોદી, દ્વિતીય વર્ષમાં કોલેજ પ્રથમ તથા સાબરકાંઠા જિલ્લામાં પ્રથમ નંબરે આવેલ જોશી રોશનીબેન ચેતનકુમાર ઉપસ્થિત રહ્યા હતા. ત્યારબાદ કાર્યક્રમને મહેમાનો દ્વારા દીપ પ્રાગટ્ય કરી ખુલ્લો મુકવામાં આવ્યો જેની સાથે સાથે કોલેજના તાલીમાર્થીઓએ પણ શિક્ષણની જ્યોત જલતી રહે તે માટે દીપ પ્રાગટ્ય કરી ગીતાના ૧૨ મા



અધ્યાયનું સમુહ ગાન કર્યુ. કાર્યક્રમની શરૂઆતમાં કોલેજના પ્રશિક્ષણાર્થીઓ દ્વારા પ્રાર્થનાથી વાતાવરણને પ્રફુલ્લિત બનાવવામાં આવ્યું.

પી.ટી.સી. કોલેજના આચાર્ય ડૉ. સંતોષ દેવકરે પધારેલ મહેમાનોનું શબ્દોથી સ્વાગત કર્યુ. ત્યાર બાદ મહેમાનોનું સુકતીપ્રત અને શાલથી સ્વાગત કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમાં બીજા વર્ષમાં કોલેજ પ્રથમ અને જિલ્લામાં પ્રથમ નંબરે આવનાર પ્રશિક્ષણાર્થી જોશી રોશનીબેન ચેતનભાઈનું સુવર્ણ મંડીત ચંન્દ્રક તેમજ રોકડ પારિતોષિકથી સન્માન કરવામાં આવ્યું તેવી જ રીતે પ્રથમ વર્ષમાં કોલેજમાં પ્રથમ નંબરે આવનાર પ્રશિક્ષણાર્થી પ્રજાપતિ કાજલ રમેશચંદ્રનું સુવર્ણમંડિત ચંદ્રક તેમજ રોકડ પારિતોષિકથી સન્માન કરવામાં આવ્યું. વર્ષ દરમ્યાન કોલેજમાં યોજાયેલ વિવિધ પ્રવૃત્તિઓ તેમજ સ્પર્ધાઓમાં વિજેતા થનાર પ્રશિક્ષણાર્થીઓનું પ્રમાણપત્ર અને ઈનામથી સન્માન કરવામાં આયું. વર્ષ દરમ્યાન કોલેજે કરેલ કાર્યોને સંક્ષિપ્ત ફિલ્મ દ્વારા એલ.સી.ડી. ઉપર પ્રા. રાજેશ પરમાર દ્વારા દર્શાવાવમાં આવ્યો જે સૌએ ખુબજ આવકાર્યો. બીજા વર્ષના તાલીમાર્થી રાઠોડ ઉર્વશીએ પોતાને કોલેજમાં થયેલ અનુભવોની રજૂઆત હૃદય બોલે છે દ્વારા કરી જેનાથી સૌ મહેમાનો ભાવવિભોર બની ગયા. પધારેલ તમામ મહેમાનોએ પ્રશિક્ષણાર્થીઓને ઉપકારક એવા મનનીય પ્રવચનો આપી સુભાશિષ પાઠવ્યા હતા. કાર્યક્રમને અંતે પ્રા. રાજેશ પરમારે આભારવિધિ કરી હતી. જ્યારે કાર્યક્રમનું સુંદર સંચાલન પ્રા. વ્રજેશ પંડ્યા અને મુકુન્દ શાહે કર્યું હતું.

બીજા સેશનમાં સાંસ્કૃતિક કાર્યક્રમમાં માઈમ, ડાન્સ, ટ્રેક પર ગીત, ગરબા, સીકેટ ડાન્સ વગેરે કૃતિ તાલીમાર્થીએ રજૂ કરી હતી. આમ બારમા દિક્ષાન્ત સમારોહની ધામધૂમપૂર્વક ઉજવણી કરવામાં આવીહતી.

## મોડાસામાં કોંગ્રેસ કાર્યકરોનું સંમેલન યોજાયું

મુલોજ, તા. ૨૭

અરવલ્લી જિલ્લાના મોડાસાની સંસ્કૃત પાઠશાળા ખાતે તાલુકા કોંગ્રેસ કાર્યકરનું સંમેલન યોજાયું હતું. જેમાં સાબરકાંઠા લોકસભા બેઠકના કોંગ્રેસના ઉમેદવાર શંકરસિંહ વાઘેલા કાર્યકરોને ચૂંટણી કાર્યમાં લાગી જવાની હાંકલ કરી હતી.

સંમેલનમાં શંકરસિંહ વાઘેલાએ કહ્યું હતું કે વિદ્વાનો હંમેશા શાંતિ અને વિનમ્રતાથી જ વાત કરે છે. જ્યારે ઉંચો અવાજ એ કમ તાકાતની નિશાની છે. મહાત્મા ગાંધી, જવાહરલાલ નહેરુ અને જયપ્રકાશ જેવા લોકનેતાઓએ બુમો નથી પાડી ભાજપા મત લેવા મુદદા ન હોય તેવા ઉભા કરે છે. અને દેશને ગુમરાહ કરવાની કોશિશ કરે છે તેમ જણાવ્યું હતું. આ સંમેલનમાં ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ઠાકોર, મહેન્દ્રસિંહ વાઘેલા, અનિલ જોષીયારા, મહેન્દ્રસિંહ બારૈયા, અમીત ચૌધરી વગેરે આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

## ખેડબ્રહ્મા ધારાસભ્યે બોલવામાં સંયમ ગુમાવતા કચવાટ

આજે સાબરકાંઠાના વડામથક હિંમતનગરના સુર્યોદય પાર્ટી પ્લોટ ખાતે બપોરે ૩ કલાકે લોકસભાના ઉમેદવાર શંકરસિંહ વાઘેલાની હાજરીમાં યોજાયેલા હિંમતનગર તાલુકા કોંગ્રેસ કાર્યકર સંમેલનમાં ખેડબ્રહ્માના ધારાસભ્ય અશ્વિન કોટવાલે અશોભનીય વાણી વિલાસ કરતાં ઉપસ્થિત મંચસ્થ નેતાઓ તેમજ મહિલા કાર્યકરોમાં ભારે પડઘા પડ્યા હતા. કોટવાલે બફાટ કરતાં જણાવ્યું હતું કે, ભાજપના લોકસભાના ઉમેદવાર દિપસિંહ રાઠોડ ભારે 'હલકા' છે, તેઓ રાત્રિ દરમ્યાન ગમે તેના ઘરમાં ઘુસી જતા હતા, તેથી આવા ઉમેદવારને ક્યારેય વોટ ન અપાય. આ સમયે ઉપસ્થિત મહિલા કાર્યકરો શરમજનક પરિસ્થિતિમાં મુકાઈ ગઈ હતી.

# મોડાસાના ભરત વ્યાસ છેલ્લા ૭ વર્ષથી તરસ્યાની પ્યાસ બૂઝાવે છે

## મોડાસા મોટરવાહન નિરીક્ષક કચેરીમાં પાણીની સુવિધા નથી : જ્યારે ભરતભાઈ છેલ્લા ૭ વર્ષથી ભર ઉનાળે પાણી પાય છે

મોડાસા, તા. ૨૭

અરવલ્લી જિલ્લાના મોડાસા શહેરમાં આવેલી મોટરવાહન નિરીક્ષક કચેરીમાં છેલ્લા કેટલાય સમયથી હજારો અરજદારોની અવરજવર છતાં


(તસવીર : નિરવકુમાર સુથાર, મોડાસા)

આજદિન સુધી પાણીની સુવિધા ઉપલબ્ધ નથી જ્યારે આ કચેરીની બાજુમાં જ નાની દુકાન ધરાવતા વિશાળ દિલના ભરત વ્યાસ છેલ્લા ૭ વર્ષથી તરસ્યાની પ્યાસ બૂઝાવે છે.

અરવલ્લીના મોડાસા શહેરમાં આવેલી ગુજરાત સરકારની મોટવાહન નિરીક્ષક કચેરી બન્યે વર્ષોના વ્હાણા વાઈ ગયા છતાં આજદિન સુધી ભર ઉનાળે પીવાના પાણીની ભારે તંગી રહે છે. અહી મોડાસા, માલપુર, મેઘરજ, બાયડ, ધનસુરા જેવી ગામમાંથી હજારોની સંખ્યામાં અરજદારો ઉમટી પડે છે. છતાં પીવાનું ઠંડુ પાણી મેળવી શકતા નથી. જ્યારે બીજી બાજુ મોડાસામાં માનવતા મરી પરવારી નથી તેની યાદ અપાવતુ ઉદાહરણ આ કચેરીની બાજુમાં જ જોવા મળે છે. આ કચેરીની બાજુમાં જ નાની દુકાન ધરાવતા પણ દિલના વિશાળ એવા ભરતભાઈ વ્યાસે તેમના મિત્ર ચેતન પટેલના સહયોગથી ૮૦૦ રૂપિયા ખર્ચીને ઠંડા પાણીના કૂજો લાવ્યા છે અને છેલ્લા ૭ વર્ષથી રોજ સવારે જાતે જ ડોલો ઉંચકીને આ કૂજામાં ભરે છે અને આ કચેરીમાં આવતા હજારો લોકોની તરસ છીપાવે છે. આટલુ જ નહી પરંતુ આ કચેરી આસપાસ આવેલા ૨ થી ૩ ઝાડને પણ નિયમીત પાણી પાઈને તેનુ જતન કરે છે જેનો છાંયડાનો લાભ અહીં આવતા અરજદારોને મળે છે.

# ડીસા પંથકમાં બે અલગ અલગ અકસ્માતમાં ત્રણ ઘાયલ

ડીસા, તા. ૨૭

ડૂસા તાલુકા તેમજ શહેરના હાઈવે વિસ્તારમાં બેફામ બની હંકારતા જીપચાલકો સેરીંગ પરનો કાબુ ગુમાવી દેતા અવારનવાર અકસ્માતો સર્જે છે. જેમાં ડીસા તાલુકાના દામા નજીક તુફાન ગાડી પલ્ટી ખાતા અંદર બેઠેલા બે મુસાફરો ઘાયલ થયા હતા. ત્યારબાદ ડીસાના ગાયત્રી મંદિર નજીક ટ્રક ચાલકે રીક્ષા તેમજ બાઈકને હડફેટે લેતા બાઈક સવાર ઘાયલ થતા ૧૦૮ દ્વારા સરકારી દવાખાને સારવાર અર્થે ખસેડાયા હતા.

માહિતી મુજબ ડીસા તાલુકાના રામપુરા નજીક થરાદ તરફથી આવી રહેલી તુફાન જીપના ચાલકે સ્ટેરીંગ પરના કાબુ ગુમાવતા અંદર બેઠેલા ૨ મુસાફરોને ઈજાઓ થઈ હતી. જેમાં માધાભાઈ સેંધાભાઈ વાલ્મીકી જાદવ, તેમજ વિક્રમભાઈ હરીજન રહે. વાવ, ગંભીર ઈજાઓ થતા ૧૦૮ વાન દ્વારા ડીસાની સીવીલ હોસ્પિટલે સારવાર અર્થે ખસેડાયા હતા જ્યારે ડીસા ગાયત્રી મંદિર નજીક ડાયમંડ સોસાયટીમાંથી પોતાનુ મોટરસાઈકલ લી ધંધા અર્થે આવી રહેલા અરવિંદભાઈ ત્રીભોવનદાસ ઠક્કરને પાછળથી આવી રહેલી ટ્રકે જોરદાર ટક્કર મારતા લાલાભાઈને માથાના ભાગે ઈજાઓ થઈ હતી. જેમને સારવાર અર્થે ડીસાની સરકારી હોસ્પિટલ ખાતે સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. આ ટ્રકચાલકે બાઈક સવારને ટક્કર માર્યા બાદ રીક્ષાને પણ ટક્કર મારી હતી. બાદમાં પોલીસે આવી ટ્રક તેમજ રીક્ષાને પોલીસમથકે લઈ જઈ આગળની કાર્યવાહી હાથ ધરી હતી.



## ખેડબ્રહ્મા ખાતે ભાજપાનુ ચૂંટણી કાર્યાલય ચાલુ કરવામાં આવ્યું

ખેડબ્રહ્મા ખાતે ગુરૂવારના રોજ આગામી લોકસભાની ચૂંટણીને લઈ ચૂંટણી કાર્યાલયનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું. આ ઉદ્‌ઘાટન કનુભાઈ પટેલ, દિપસિંહ રાઠોડ, જસુભાઈ પટેલે દિપ પ્રાગટ્ય કરી કાર્યાલય ખુલ્લુ મુકવામાં આવ્યું હતું. આ પ્રસંગે નારાયણદાસ બારોટ, વિજયભાઈ ત્રિવેદી, ગુલાબસિંહ વાઘેલા સહિત મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા. (તસવીર : રમેશ વૈષ્ણ, ખેડબ્રહ્મા)


(તસવીર : કાંતિલાલ લોધા, ડીસા)

ડીસા ખાતે રહેતા દેશી લોહાણા સમાજ દ્વારા ચૈત્ર સુદ - ૨ તા. ૧-૪-૨૦૧૪ ના રોજ જલારામ સેવા સંકુલ, કચ્છી કોલોની ખાતે સાંજે ભોજન પ્રસાદનું આયોજન કરવામાં આવેલ છે. આ પ્રસંગે ડીસામાં રહેતા તમામ દેશી લોહાણા(ઠક્કર) સમાજ ના ગોળના ભાઈ - બહેનો તથા વડીલો ને હાજર રહેવા પ્રગતિ યુવક મંડળી દ્વારા એક અખબાર યાદીમાં જણાવવામાં આવેલ છે.

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામ ● મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટ્ઝ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
એક્સક્લુસિવ શો-રૂમ
AGL TILES WORLD Radhe ENTERPRISE
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧